* R E - 0 4 2 0 / 3 0 0 *

# RE-0420

## Second Year B. Com. Examination

April / May – 2010

## Taxation : Paper - II

*(Wealth Tax, Gift-Tax & Income-Tax Procedure & Practice - Part - II)*

Time : 3 Hours] [Total Marks : **70**

**સૂચના :**

(૧)

નીચે દર્શાવેલ ☛ નિશાનીવાળી વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી.
**Fillup strictly the details of ☛ signs on your answer book.**

Name of the Examination :
☛ **S. Y. B. Com.**

Name of the Subject :
☛ **Taxation : P - 2**

☛ Subject Code No. : **0 4 2 0**   ☛ Section No. (1, 2,.....) : **Nil**

Seat No. :

Student's Signature

(૨) તમારા જવાબો સ્પષ્ટ અને મુદ્દાસર હોવા જોઈએ.

(૩) **જમણી** બાજુના અંક પ્રશ્નના પૂરા ગુણ દર્શાવે છે.

૧ ટૂંકમાં જવાબ આપો : ૧૦

(૧) મિલકતમાં કોનો સમાવેશ થતો નથી ?

(૨) અપીલના સત્તાવાળાઓના નામ આપો.

(૩) સંપત્તિવેરો ભરવા કોણ જવાબદાર થાય છે ?

(૪) રીવિઝન અરજી ક્યારે કરી શકાય ?

(૫) ભૂલ-સુધારણા અરજી ક્યારે થઈ શકે ?

૨ સંપત્તિવેરા કાયદા હેઠળ માની લેવામાં આવેલ મિલકત કોને કહેવાય છે તે જણાવો. ૧૨

**અથવા**

૨ વેલ્થટેક્ષ ઓથોરિટીઝ વિશે ટૂંકમાં લખો અને સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્ષીસ વિશે વિગતવાર લખો. ૧૨

૩ ઈન્કમટેક્સ કાયદા હેઠળ અપીલ ઓથોરિટીઝ (સત્તાવાળાઓ) વિશે વિગતવાર લખો. ૧૨

**અથવા**

૩ (અ) ભૂલ સુધારણા અરજી વિશે જણાવો. ૬

(બ) આકારણી હુકમ માટેની સમયમર્યાદા જણાવો. ૬

૪ (અ) ટેક્સ અને દંડમાંથી માફી ક્યારે આપી શકાય ? ૬

(બ) દંડની વસૂલાત અંગેની કાર્યવાહી જણાવો. ૬

**અથવા**

૪ આવકવેરા કાયદા હેઠળ અલગ અલગ ગુનાઓ અને તેની સામે લાગતા દંડ વિશે સવિસ્તાર જણાવો. ૧૨

૫ ટૂંકનોંધ લખો : (ગમે તે **ત્રણ**) ૧૨

(૧) સમરી એસેસમેન્ટ

(૨) બેસ્ટ જજમેન્ટ

(૩) ચોખ્ખી સંપત્તિ

(૪) સંપત્તિમાંથી બાદ ન મળતાં દેવાં

(૫) સંપત્તિ વેરા રિટર્ન સંબંધી જોગવાઈ

(૬) આકારણીમાંથી છટકી ગયેલી આવકો.

૬ ડૉ.એસ.સી. પટેલ ભારતના સામાન્ય રહીશ અને નાગરિક છે. ૧૨
તા. ૩૧-૩-૨૦૦૯ના રોજની મૂલ્યાંકન તારીખે મિલકત તથા દેવાં નીચે પ્રમાણે છે, તે પરથી આ. વર્ષ ૨૦૦૯-૧૦ માટે તેમની ચો. સંપત્તિ તથા ભરવાપાત્ર સંપત્તિવેરાની ગણતરી કરો :

(૧) મોટરકાર અંગત વપરાશ માટે રૂ. ૫,૦૦,૦૦૦.

(૨) ઘરવપરાશ માટેનું ફર્નિચર રૂ. ૨,૦૦,૦૦૦.

(૩) મુંબઈ ખાતે આવેલ ખેતીની જમીન રૂ. ૫,૦૦,૦૦૦.

(૪) રહેઠાણ માટે ભાડે આપેલ મકાન રૂ. ૧૦,૦૦,૦૦૦.
(વર્ષ દરમિયાન ૧૧ માસ માટે આપેલ છે.)

(૫) તેઓ ભાગીદારી પેઢીમાં ભાગીદાર છે તેમના હિસ્સાની રકમ રૂ. ૩,૦૦,૦૦૦ થવા જાય છે.

(૬) વિમાની પોલિસી રૂ. ૨,૦૦,૦૦૦ની છે.

(૭) બેંકમાં ડિપોઝીટ રૂ. ૧,૦૦,૦૦૦
બિરલા કંપનીના શેરમાં રોકાણ રૂ. ૬૦,૦૦૦
પોસ્ટમાં જમા રૂ. ૫૦,૦૦૦.

(૮) સોના-ચાંદીના દાગીના તથા વાસણો રૂ. ૨,૦૦,૦૦૦.

(૯) કલકત્તામાં આવેલ રહેઠાણનું મકાન રૂ. ૭,૦૦,૦૦૦.

(૧૦) હાથ પર રોકડ રૂ. ૧,૫૦,૦૦૦.

(૧૧) વીમા કંપની પાસેથી રહેઠાણ માટે આપેલ ભાડાના મકાન સામે રૂ. ૨,૦૦,૦૦૦ની લોન તથા રહેઠાણના મકાન સામે બેંકમાંથી રૂ. ૧,૦૦,૦૦૦ની લોન લીધેલ છે, જે મૂલ્યાંકન તારીખે ચૂકવવાની બાકી છે.